सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષઃ ૧૮ | જાન્યુઆરી ૧૯૯૮ | અંકઃ ૩

## વાલીઓને......

**પરીક્ષા અંગે....**

આ અગાઉ પરીક્ષા સબંધી ઘણીવાર વાલીઓને કહેવામાં આવ્યું છે, આમ છતાં પરીક્ષાનો હાઉ ઓછો થતો હજુ નજરે ચડતો નથી. છેક પ્રાથમિક કક્ષાએ પણ બે પાંચ ગુણની સંવેદનશીલતા તરી આવે છે. વિદ્યાર્થી પરીક્ષા આપે અને જે ગુણ મેળવે તેમાં અનેક પરિબળો કામ કરતા હોય છે. બાળકે જે તૈયાર કર્યું હોય તે જ પૂછાય અને રહી ગયું હોય તેમાંથી પૂછાય અથવા શરતચૂકથી ગણિત જેવા વિષયમાં શરૂઆતમાં જ આંકડાની ભૂલ રહી ગઈ હોય તો ઓછા ગુણ મેળવે તેથી કરીને તે ઠોઠ છે તેમ માની લેવાની ભૂલ ન કરવી જોઈએ. તેમજ અનાયાસે વધુ ગુણ આવી ગયા હોય તેથી તે તેજસ્વી હોવાનો ભ્રમ સેવવા જેવો નથી.

પરીક્ષાની તૈયારી , આગળનાં પાંચ છ દિવસમાં જ કરવામાં આવે તે ખોટું છે. બાળક નિયમિત ભણે, સતત અભ્યાસશીલ રહે તે જરૂરી છે. આથી પ્રયોગ તરીકે એકાદ બે પરીક્ષા ઓચિંતા જ લેવામાં આવે તે આવકારદાયક છે. આવી પરીક્ષાઓ લેતા સમયે તે પરીક્ષા ઓચિંતી લેવાય છે એનું સભાનપણે ધ્યાન રાખી એ પ્રકારના પ્રશ્નો જ હોય તે જોવાની કાળજી રાખવામાં આવે છે. આવી પરીક્ષા લેવાતાં, બાળકો ઉપર પરીક્ષા સમયે પણ કોઈ તનાવ કે મૂંઝવણ નજરે ચડયા નથી. ઉલ્ટું બાળકો ખુશખુશાલ થઈને પરીક્ષા આપતા દેખાય છે. કોઈક કેસમાં જે વાલીઓ બાળકને છેલ્લી ઘડી સુધી પરીક્ષાની તૈયારી કરવાની પધ્ધતિથી ટેવાયેલાં છે તેઓને જ ઉચાટ થતો હોય તેવું નજરે ચડે છે. પરિણામોનું વિશ્લેષણ કરતાં પણ એવું જણાયું છે કે બાળકની જે કક્ષા હોય તે આમાંથી સાચી રીતે જોવા મળે છે. અહીં એ સ્પષ્ટતા કરી લઉં કે આકસ્મિક રીતે કોઈ બાળક આવી પરીક્ષા વખતે ગેરહાજર હોય તેની પરીક્ષા અન્ય કોઈ વખતે ઓચિંતી જ લેવાની પધ્ધતિ અમે રાખી છે. મને આનંદ એ વાતનો છે કે ઘણા વાલીઓને આ રીતે લેવાતી પરીક્ષા આવકારદાયક જણાઈ છે. દરેક પ્રશ્નની જેમ આને પણ બીજી બાજુ હોઈ શકે પરંતુ વર્ષ દરમ્યાન એક કે બે વાર આ રીતની પરીક્ષા ખૂબ જ ઉપયોગી જણાઈ છે.

**હાજરી અંગે.....**

મોટા ભાગના વિદ્યાર્થીઓ શાળામાં સમયસર અને પૂરા પ્રમાણમાં હાજરી આપે છે. પરંતુ ઉપરના ધોરણોમાં ખાસ કરીને જાહેર પરીક્ષા વર્ષમાં ઠીક ઠીક પ્રમાણમાં ગેરહાજરી વર્તાય છે. શાળા સામાન્યતઃ જાહેર પરીક્ષાના ફોર્મ તેના પરિણામને કારણે રોકતી નથી પરંતુ જેમની હાજરી નિયત ટકાવારીમાં ન હોય તેમના ફોર્મ કાં તો રોકવા પડે અથવા ફોર્મ અગાઉથી ભરાઈને મોકલ્યા હોય તો તે પાછા ખેંચવા પડે તે વિષે વાલીઓનું ખાસ ધ્યાન આપવા નમ્ર વિનંતી છે. શાળાની ગેરહાજરી એક ગંભીર બાબત એ માટે છે કે કેટલાક કિસ્સાઓમાં એવું જોવા મળ્યું કે વિદ્યાર્થી ઘેરથી શાળાના સમયે નીકળે અને પૂરો થતાં ઘેર આવે જયારે તે શાળામાં આવ્યો જ ન હોય તેમ બન્યું છે. આથી સૌ વાલીઓને દરેક માસનાં હાજરીના દિવસો ઉપર નજર નાખવાં અને તે બાબત સચેત રહેવાનું જણાવું છું. બાળકના હિતમાં આ બાબત અત્યંત ગંભીર છે. તે ધ્યાનમાં લેવા વિનંતી.

હેમુભાઈ દવે ના
વંદન

## ટી.વી.નો વિવેકપૂર્ણ ઉપયોગ

" બેન આવું ? મને બેને મોકલ્યો છે, અનુજને ત્યાંફોન કરોને ! "

" શાને માટે ફોન કરવાનો છે બેટા ? કંઈ વાગ્યું કે કંઈ થયું ?"

" બેન ... ખબર નથી ...પણ રીસેસ સુધી તો અનુજ એકદમ સારો હતો. કલાસમાં બરાબર લખતો પણ હતો. પણ રીસેસમાં જ કોણ જાણે શું થયું તે અત્યારે તો એ એકદમ ધ્રૂજે છે. રડે છે ને ખૂબ ગભરાઈ ગયો છે. બેન સમજ નથી પડતી. તમે તેનાં મમ્મીને જલ્દી બોલાવો."

મેં અનુજના ઘરે ફોન તો કર્યો જ, પણ અનુજને પણ મારી પાસે બોલાવ્યો, માથે હાથ ફેરવી પાણી પાયું.. એને થોડો વિશ્વાસ બેઠો ને એ થોડો સ્વસ્થ થયો એટલે મેં એને આખી વાત પૂછી, તેણે આખી વાત રજૂ કરી..

" બેન, રીસેસ પડી અને હું હજી મારો નાસ્તાનો ડબ્બો લઈને બહાર નીકળું તે પહેલાં પેલાં ચિંતન, દર્શન, પંકિલ બધાંએ બારીઓ ને બારણાં બંધ કરી દીધાં... મેં બહાર જવાનું કહ્યું તો મને પકડી રાખ્યો ને કહે... ' ઊભો રહે.. હવે અમે તને ભૂત બતાવીએ છીએ... એકદમ અવાજો આવવા માંડયા.. મેં આંખો મીંચી દીધી, મને બહુ જ બીક લાગવા માંડી..બેન, પછી શું થયું તે મને ખબર નથી.." ને ફરી પાછો તે ધ્રુસકે ધ્રુસકે રડવા માંડયો...

મેં ચિંતન, દર્શન, પંકિલને બોલાવ્યા.. ને પૂછયું, કે " શાની રમત રમતાં હતાં ?..." તો તેમણે સાવ સાહજીક રીતે જ કહ્યું.."બેન ! અમે તો ભૂત ભૂત રમતાં હતાં..ટી.વી.માં નથી આવતું ?.."

ટી.વી.નાં ફાયદા ને ગેરફાયદા વિષે આપણે ઘણીવાર ચર્ચાઓ કરી છે, પણ ટી.વી. પર રજૂ થતાં ' હોરર શો ' ની બાલમાનસ પર આટલી વિકૃત અસર થતી હશે એ તો આ પ્રસંગ નજરે પડયો ત્યારે જ ખ્યાલ આવ્યો. બાળકોને બાલસભામાં કંઈપણ નાટકની રજૂઆત કરવાનું કહીએ તો કયાંતો સ્મગલર આવે કે કયાં તો મારામારી.. ને મુક્કાબાજી, રીસેસમાં પણ એવી જ રીતે રમતાં હોય, પણ આવી રીતે બારીબારણાં બંધ કરી કોઈ બાળકને ' ભૂત ભૂત ' કરી બીવડાવવામાં આવે.. અને તે એનાં મગજ પર ને તબીયત પર વિપરીત અસર થાય એટલી હદ સુધી.. આ બધું કયાં જઈને અટકે ?... ટી.વી. પર હોરર શો રજૂ ન થવા જોઈએ એવું હું દ્રઢપણે માનું છું છતાં ય એ મારા હાથની તો વાત નથી પણ માબાપને હું એટલું તો ચોક્કસ કહી શકું કે મગજમાં વિકૃતિ પેદા કરે એવા દ્રશ્યોથી તમારા સંતાનોને સાવચેતી પૂર્વક દૂર રાખો. જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારવા માટે ટી.વી. ખૂબ સારું માધ્યમ છે પણ એ સાથે કયારેક માનસિક વૃત્તિઓને બહેકાવે ને ઉત્તેજે એવા દ્રશ્યો પણ એમાં રજૂ થાય છે, પ્રશ્ન છે એનો વિવેકપૂર્ણ ઉપયોગ કરતા શીખવાનો, બાળકના નાજુક અને કુમળા માનસ પર કયારે ને કેવા દશ્યો કેવી અસર કરશે તેનો ખ્યાલ માબાપ તરીકે રાખીને તે માટે સાવચેતી સેવવી બહુ જ જરૂરી છે. બાળકનાં વર્તનની વધતી જતી સમસ્યાઓનાં ઉકેલ માટે આ એક અતિ મહત્વનું પાસું છે.

ઊર્મિલા શાહ

જાગ્યો મનુષ્ય આળસની ઘોર નિંદ્રામાંથી.......?

ગઈ સંપત ફરી સાંપડે
ગયા વળે છે વહાણ
ગ'ત અવસર આવે નહિ
ગયા ન આવે પ્રાણ.

જીવન પૈડાની જેમ ગોળ-ગોળ ફરતું રહે છે. બધાં જ દિવસો ખા નથી હોતા, સુખી જીવનમાં અચાનક જ દુઃખ આવી પડે , જયારે ખી જીવનમાં મહેનતથી સુખ આવી જાય. સંપત્તિવાન કુટુંબ કયારેક બ બની જાય, અને ગરીબ કુટુંબ મહેનતથી સંપત્તિવાન બનીજાય.

ગરીબ હોય કે તવંગર, સુખી હોય કે દુઃખી, તેનું પ્રથમ ધ્યેય નત અને પરિશ્રમ હોવું જોઈએ. પરસેવો પાડીને જ રોટલા મેળવી ાય. આ વાત સહુને માટે સમાન છે.

પુરુષાર્થ આગળ પ્રારબ્ધ પાંગળું છે.

અમદાવાદ જિલ્લો. તેનું નાનું સરખું ગામ, કોટડા.

ગામમાં ખૂબ જ સુખ શાંતિ. ગામમાં લોકોનો પ્રાણદાતા ,નામ ધનજીભાઈ. કુટુંબ ઘણું સમૃધ્ધ હતું. ધનજીભાઈ કુટુંબની વડિલ કેત. હુલામણું નામ " દાદુ ". ધનજીભાઈ એકલા કુટુંબ ચલાવે. દાદુ આખું ઘર નભતું. દાદુના પુત્રો આળસ ભરેલા,કયારેય કામ કરવાનું મ નહિ. દાદુએ સમજાવવા માટે પુષ્કળ મહેનત કરી. દાદુ નિષ્ફળ ા, કયારેય તેમના પુત્રોએ તેમને મદદ કરી નહિ.

આવામા બન્યો એક દુઃખદ બનાવ.

દાદુનુ મૃત્યુ.

કુટુંબીજનોના શરૂ થયેલા દુઃખના દિવસો.

દાદુના મૃત્યુના સમાચાર ગામડાના લોકો અને તેમના બીજનો માટે દુઃખદાયક હતા, ગામડાના લોકોએ તેમનો ભગવાન યો, જયારે કુટુંબીજનોએ તેમનો પાલક,આળસુ પુત્રોમા આળસને ણે કુટુંબ આર્થિક રીતે ઘસાતું ચાલ્યું. સમૃધ્ધિમાંથી તેઓ ગરીબીમાં કાયા.

આળસુ પુત્રોએ આળસ ના છોડી આથી લક્ષ્મીદેવીએ દાદુનું બ છોડયું ! દાદુની મિલ્કત ઘણી હતી પણ વિદ્યા વાપરતા વધે છે, આ ધન છે વપરાતા ઘટવાનું જ ને ! દાદુની મિલ્કત પતવા માંડી, ધંધો જે તો હતો એમાં અચાનક જ ખોટ આવી. ધંધો બંધ થઈ ગયો. ધંધાને ા વાગી ગયા. વેપારમાં જે સ્થિતિ મજૂરોની હતી તેવી સ્થિતિ આજે લેકોની થઈ, ઘણી આશ્ચર્ય જનક હતી એ વાત. કુટુંબના સભ્યોને ાના પણ સાંસાં પડવા માંડયા.

ત્યાં જ દાદુના ખાસ મિત્રનું આગમન થયું.કુટુંબની સ્થિતિ જોઈ ી મિત્રે કુટુંબના સભ્યોનું નિરીક્ષણ કર્યું. દાદુના મિત્રે જોયું કે કુટુંબની ન-મિલ્કત ઓછી થવાનું કારણ આળસ છે. આવી આર્થિક સ્થિતિ હોવા ં કુટુંબમાં કોઈ પરિશ્રમ કરતું નથી કારણ શું હશે ? માનવી મહેનત ટંકના રોટલા માટે કરે છે.

અચાનક ધ્યાન ગયું સરગવાના વૃક્ષ પર. બધી વાતો સમજાઈ. ન પણ ખૂબ જ થયું.

વાત એમ હતી કે ઘરના આંગણામાં હતું એક સરગવાનું ઝાડ. ની શીંગો એટલે કે સરગવાની શીંગો પર કુટુંબનો નિર્વાહ ચાલતો . મિત્રે મનમાં અને મનમાં એક યોજના ઘડી.

આશય હતો મિત્રના પુત્રોને મદદ કરવાનો.

આશય હતો, મિત્રના પુત્રોને ઊંઘમાંથી જગાડવાનો.

પોતાની યોજના અનુસાર દાદુના મિત્રે રાત્રે ઘરમાં બધા સૂઈ ા પછી ચોરી છૂપીથી બહાર નીકળી આંગણામા આવેલું સરગવાની ાનું ઝાડ કાપી જતા રહ્યા.

સવાર પડી. કૂકડાએ લોકોને બાંગ પોકારી જગાડયા. નિંદ્રામાંથી મનુષ્ય ઊઠયો. પેલું સમૃધ્ધ હતું તે કુટુંબના સભ્યો પણ ઊઠયા. અચાનક આઘાતથી ભાંગી પડયા.

આઘાત એ હતો કે આર્થિક સાધન સમું એ સરગવાનું વૃક્ષ આજે તેમની સહાય કરી શકે તેમ ન હતું. ઘરનાં સભ્યો દુઃખી દુઃખી.

હવે શું ?

કેવી રીતે ઘર ચલાવવું ? કેવી રીતે ઘરને પોષવું ?

આવા કેટલાય પ્રશ્નો, પણ ઉત્તર એક જ હતો. મહેનત, પરિશ્રમ. દરેક પ્રશ્નનો અંતે આ જ જવાબ. હવે કોઈ સરગવાનું વૃક્ષ ન હતું ને ! છેવટે કંઈ પરિશ્રમ કરવાનો આખરનો વિચાર. ઘરમાં ફરીથી ઊગ્યો પરિશ્રમનો સૂરજ. મહેનતથી ઘર છોડીને ચાલી ગયેલી લક્ષ્મી પાછી આવી. દાદુનું ઘર ફરીથી ધમધમવા માંડયું. અથાગ પરિશ્રમ. પછી ફરી ધંધો ચાલુ થયો. બારણે વાગેલાં તાળા ખૂલી ગયા. પેલા મિત્રે જયારે આ સાંભળ્યું ત્યારે આનંદની અવધિ ન રહી.

કાનન વૈદ્ય
આંતરગૃહ વાર્તા સ્પર્ધા
પ્રથમ વિજેતા

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

નવું સત્ર શરૂ થતાં બાળકો પાછાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિમાં જોડાઈ ગયા છે. દિવાળીની લાંબી રજાઓની મઝા માણ્યા પછી બાળકોને બાલમંદિરમાં બહુ જલ્દી ગોઠી જાય છે ને તેઓ આનંદપૂર્વક પ્રવૃત્તિઓ કરે છે. સૌ નાતાલની ઉજવણીમાં લાગી ગયાં હતાં.

તા.૨૬-૧૨-૯૭ ના રોજ બાળકોએ નાતાલ ઉજવી ચિ.ખુશ વછરાજાની સાન્તાકલોઝ બન્યાં અને સૌ બાળકોને ભેટ આપી. બાળકોને સાન્તાકલોઝ પાસેથી ભેટ મળે તે ખૂબ ગમે છે. બાળકોનો આનંદ અનેરો હતો.

તાલીમનાં બાળકો માટે રમતગમતની સ્પર્ધાઓ યોજવામાં આવી જેમાં વિઘ્નદોડ, સંગીતખુરશી, બટાટાવીણ, વિગેરે રમતો બાળકો રમ્યાં.. રમતનાં આનંદ સાથે ખેલદિલી કેળવાય એ પણ બાળકોનાં ઘડતરમાં મહત્વનું પરિબળ છે. આવી સ્પર્ધાથી આ હેતુ સિધ્ધ થાય છે.

તા.૨૨-૧૧-૯૭ અને ૧૮-૧૦-૯૭ નાં રોજ બાલમંદિરનાં બાળકો લો-ગાર્ડનમાં ફરવા ગયાં. બાળકોને બાગમાં નિસર્ગને ખોળે રમવાનું ખૂબ ગમે છે. સાથે સાથે ત્યાં હિંચકા લપસણી વિગેરે સાધનો પણ હોવાથી તેમનો આનંદ અનેક ઘણો વધે છે.

તા.૩-૧-૯૮ ને શનિવારે તાલીમના બાળકોની વેશભૂષા સ્પર્ધા યોજાઈ ગઈ. બાળકો તેમની આજુબાજુની દુનિયામાં જે પાત્રો જુએ છે તેમનું સૂક્ષ્મતાથી નિરીક્ષણ સતત કરતાં જ રહે છે. આવી સ્પર્ધા યોજાય છે ત્યારે તેમણે કરેલાં નિરીક્ષણમાંથી તેઓ અનુકરણ કરી એ પાત્રની ભૂમિકા બહુ અસરકારક રીતે ભજવી શકે છે. કયારેક તો એમના હાવભાવ, અભિવ્યકિત, વેશભૂષા બધું જ ધન્યવાદને પાત્ર હોય છે. જરા પણ ક્ષોભ વિના રંગમંચ પર અભિનય કરવાની શકિત આવી સ્પર્ધા વડે ખીલે છે. બાળકોએ વિવિધ પાત્રો આ વેશભૂષા સ્પર્ધામાં અસરકારક રીતે ઉપસાવ્યાં.

તા. ૧૩-૧-૯૮ ને ગુરુવારનાં રોજ તાલીમનાં બાળકો માટે આજવા નિમેટાનો પ્રવાસ યોજવામાં આવ્યો.

# શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**હીંચ સ્પર્ધા** ૪-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | ઝલક બલર | ( મેઘનાદ ) |
| દ્વિતીય | રીપલ પટેલ | ( મેઘનાદ ) |
| | શચિ અમીન | ( ધવલગિરિ ) |
| તૃતીય | નિધિ શુકલ | ( ધવલગિરિ ) |
| | વશિતા શાહ | ( ગંગોત્રી ) |

**રાંદલનો ઘોડો ખૂંદવાની સ્પર્ધા** ૪-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | વિરલ શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | માનસી સ્માર્ટ | ( ધવલગિરિ ) |
| | દેવાંશી ભટ્ટ | ( ગંગોત્રી ) |
| તૃતીય | નેશ્રા શાહ | ( મેઘનાદ ) |
| | બિલંદી પરીખ | ( ધવલગિરિ ) |

**રાજસ્થાની નૃત્ય સ્પર્ધા** ૪-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | વિધિ શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | ક્રિના શાહ | ( ધવલગિરિ ) |
| તૃતીય | નુપુર શાહ | ( ધવલગિરિ ) |

**આરતીની થાળી ડેકોરેશન સ્પર્ધા** ૮-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | શેમોલી મહેતા | ( રત્નદીપ ) |
| દ્વિતીય | ક્રિના શાહ | ( ધવલગિરિ ) |
| | મીનુ જોષી | ( ધવલગિરિ ) |
| | વર્ષિલ પરીખ | ( રત્નદીપ ) |
| તૃતીય | હેરીના શાહ | ( ગંગોત્રી ) |
| | પ્રતિક શાહ | ( ધવલગિરિ ) |

**સરસ્વતી દેવી** ૧૩-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | દેવાંગી મુનશી | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | દર્શિલ શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | અમીષ ફોજદાર | ( મેઘનાદ ) |
| | રવિ શાહ | ( ધવલગિરિ ) |

**દીવી ડેકોરેશન સ્પર્ધા** ૧૪-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | શૈલી પટેલ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | હેલી ભગત | ( ગંગોત્રી ) |
| | હર્ષિલ શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | મીનુ જોષી | ( ધવલગિરિ ) |
| | વર્ષિલ પરીખ | ( રત્નદીપ ) |

**અલ્પના સ્પર્ધા** ૨૧-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | દેવાંગી મુનશી | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | આનલ શાહ | ( મેઘનાદ ) |
| | પેલવા નાયક | ( રત્નદીપ ) |
| તૃતીય | કૃપા શાહ | ( રત્નદીપ ) |
| | શર્વિલ ટંકશાળી | ( મેઘનાદ ) |

**રંગોળી સ્પર્ધા** ૨૧-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | ઉષ્મા જોષી | ( ગંગોત્રી ) |
| | માનસી પારેખ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | રીષિત ભટ્ટ | ( ગંગોત્રી ) |
| | કૃપા વ્યાસ | ( મેઘનાદ ) |
| તૃતીય | જીનલ મહેતા | ( મેઘનાદ ) |
| | જીનલ મહેતા | ( ગંગોત્રી ) |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા** ૨૩-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | નિમિતા શાહ | ( મેઘનાદ ) |
| | શૈલ શેઠ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | દ્રુપદ પરીખ | ( ગંગોત્રી ) |
| | રોમા દવે | ( ગંગોત્રી ) |
| તૃતીય | વર્ષિલ પરીખ | ( રત્નદીપ ) |
| | સલોની શ્રોફ | ( ધવલગિરિ ) |

**વકતૃત્વ સ્પર્ધા** ૧૬-૧૦-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | કૃપા વ્યાસ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | પ્રતિક શાહ | ( ધવલગિરિ ) |
| તૃતીય | જીગર છપ્પન | ( રત્નદીપ ) |

**બેડમિંગ્ટન સ્પર્ધા** ૨૬-૧૨-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | બિલંદી પરીખ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | જય મહેતા | ( મેઘનાદ ) |
| તૃતીય | વિશ્રુત ભટ્ટ | ( રત્નદીપ ) |

**કેરમ સ્પર્ધા** ૨૪-૧૨-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | જય મહેતા | ( મેઘનાદ ) |
| દ્વિતીય | માનિત શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | હર્ષ પરીખ | ( રત્નદીપ ) |

તા.૩૦-૧૧-૯૭ ના રોજ Quiz નો પ્રોગ્રામ ધો.૭ માટે યોજાયો, જેમાં ૭ અ ની ' આઈન્સ્ટાઈન ' ટીમ પ્રથમ આવી.

તા. ૨૩-૧૨-૯૭ ના રોજ ધો.૩ અને ધો.૪ માટે 'ક્રિસમસ ટ્રી ' ની સ્પર્ધા યોજાઈ. બાળકોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. કલાત્મક અને આકર્ષક નમૂના તૈયાર કર્યા. તા.૩૦-૧૨-૯૭ ના રોજ ધોરણ ૪ ની અને ૩૧-૧૨-૯૭ ના રોજ ધોરણ ૩ ની સુગમ સંગીત સ્પર્ધા યોજાઈ. રજૂઆત ખૂબ સારી કરી.

જીવરાજ મહેતા હોસ્પીટલના ઉપક્રમે ધોરણ ૧ થી ૯ સુધીના વિદ્યાર્થીઓ માટે ' ઓબેસીટી ' નો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો. વધુ વજનવાળા બાળકોના વાલીઓને તે અંગે આરોગ્ય અને આહારને અનુલક્ષીને માર્ગદર્શન ડોકટરો દ્વારા પૂરું પાડવામાં આવ્યું.

**ચિત્ર પરીક્ષાઃ-**

પ્રાથમિક કક્ષા ચિત્ર પરીક્ષામાં શાળામાંથી ૭૩ વિદ્યાર્થી બેઠાં ને બધાં જ પાસ થયા. પરિણામ ૧૦૦% આવ્યું છે. માધ્યમિક કક્ષામાં ૬૧ બેઠાં તેમાંથી ૧ નાપાસ થતાં પરિણામ ૯૯ % આવ્યું છે.

**સંગીતઃ**

ગાંધર્વ મહાવિદ્યાલય તરફથી લેવાતી સંગીત પ્રવેશિકા પ્રથમ તથા પ્રવેશિકા પૂર્ણ પરીક્ષામાં બેઠેલ શાળાના વિદ્યાર્થી ભાઈબહેનોનું પરિણામ ૧૦૦ % આવ્યું છે. બધાં જ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા છે.

# વિનયમંદિર

ધોરણ ૮, ૯ નાં આંતરગૃહનાં ઉપક્રમે નીચે મુજબ સ્પર્ધાઓ યોજાઈ

**ચિત્ર સ્પર્ધા** ૧-૧૨-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | કૌટિલ્ય વ્યાસ | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | રૂચિલ શાહ | ( મેઘદૂત ) |
| | વિધિ શાહ | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | કૌશલ સોપારકર | ( પદ્મપુકુર ) |
| | કાનન વૈદ્ય | ( ચંદ્રમૌલિ ) |

**વકતૃત્વ સ્પર્ધા** ૪-૧૨-૯૭

પ્રથમ કૌશલ સોપારકર (પદ્મપુકુર)

દ્વિતીય કુનુર શાહ (પદ્મપુકુર)

તૃતીય કયવન શાહ (ગીતગોવિંદ)

વિરાજ પંચાલ (ગીતગોવિંદ)

**શ્રી સુધાબેન ભટ્ટે નિર્ણાયક તરીકે સેવા આપી.**

**ન્યુઝ રીડીંગ સ્પર્ધા** ૧૭-૧૨-૯૭

પ્રથમ નીરાલી માસરવાલા (પદ્મપુકુર)

દ્વિતીય નેહા દવે (મેઘદૂત)

તૃતીય તપન દવે (ચંદ્રમૌલિ)

કૌશલ સોપારકર (પદ્મપુકુર)

**શ્રી રાજસીબેન કલાર્કે નિર્ણાયક તરીકે સેવા આપી.**

**ટેબલ ડેકોરેશન** ૧૧-૧૨-૯૭

પ્રથમ ચંદ્રમૌલિ

દ્વિતીય મેઘદૂત

તૃતીય ગીતગોવિંદ

પદ્મપુકુર

**શ્રી જયશ્રીબેન દવે તથા શ્રી કેતકીબેને નિર્ણાયક તરીકે સેવા આપી.**

**શૌર્યગીત સ્પર્ધા**

પ્રથમ ગીતગોવિંદ

દ્વિતીય પદ્મપુકુર

તૃતીય મેઘદૂત

**શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા :** ધો.૧૧ માટે ૧૯-૧૨-૯૭

પ્રથમ રિધ્ધિ શાહ

દ્વિતીય ક્ષિતીશ વ્યાસ

તૃતીય કિંજલ સંઘવી

**નિર્ણાયક તરીકે શ્રી ચંદુભાઈ શાહે સેવા આપી.**

**પ્રવાસ :** તા.૧૧-૧૨-૯૭ ના રોજ ધોરણ ૧૧ નો પ્રાંતીજ ગળતેશ્વરનો પ્રવાસ યોજાયો.

## અભિનંદન

**ચિત્ર :** બાસ્કીન રોબિન્સ દ્વારા આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ચિ.કિર્તન ટકશાળીને દ્વિતીય ઈનામ મળ્યું છે.

શંકર્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ કોમ્પીટીશનમાં ચિ.હર્ષિલ છપ્પનને રૌપ્યચંદ્રક મળ્યો છે. અખિલ ગુજરાત ચિલ્ડ્રન આર્ટ કોમ્પીટીશનમાં ચિ.હર્ષિલને 'જ્ઞાનગંગા એવોર્ડ' એનાયત થયો હતો, ને તેનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ આયોજીત ગોલ્ડન જયુબીલી ચાઈલ્ડ આર્ટ ફેસ્ટીવલમાં ચિ.મૌનીશ શાહને પ્રમાણપત્ર મળ્યું છે. અને સ્વર્ણપત્ર પુરસ્કાર મળ્યો છે.

સ્ટેટ બેંક ઓફ ઈંડિયા આયોજીત ચિત્ર સ્પર્ધામાં તાલીમના ચિ.કૃતિ ત્રિવેદીને જજીસ પ્રાઈઝ મળ્યું છે.

લલિતકલા પરિષદ વિશાખાપટ્ટનમ આયોજીત ઓલ ઈંડિયા ચાઈલ્ડ આર્ટ કોમ્પીટીશન ૧૯૯૭માં ચિ.પ્રાપ્તિ અતુલભાઈ પટેલને બાલ ચિત્રકલા પુરસ્કાર અને સુવર્ણપત્ર મળેલ છે.

સ્કેટીંગ :- ધી સેલફોર્સ ગુજરાત સ્ટેટ ઓપન રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં ચિ.આલીશા દલાલને રીન્ક રેસ-૨ માં ત્રીજું ઈનામ મળ્યું છે.

**ચેસ :-** ઓરિએન્ટ કલબ ખાતે યોજાયેલ ગુજરાત ચેસ એકેડમી આયોજીત ચેસ સ્પર્ધામાં ચિ.સાગર પારેખે પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું છે

- સ્પોર્ટસ કલબ આયોજીત સુગમ સંગીતમાં જીગર છપ્પનને બીજું ઈનામ મળ્યું છે. રમતગમત સ્પર્ધામાં ચિ. હર્ષિલ છપ્પનને 'પાસીંગ ધી બોલ' માં ત્રીજું અને 'મ્યુઝીકલ ચેર' માં ચિ.જીગર છપ્પનને બીજું ઈનામ મળ્યું છે.

ગાંધીનગર ખાતે રમાયેલી નેશનલ ચેસ ટુર્નામેન્ટ (અન્ડર ૭ છોકરાઓ) માં સાગર પારેખે ૮ માંથી ૫ ગુણ મેળવી ગુજરાત તરફથી મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

### સંસ્થાનું ગૌરવ

ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી મનહરભાઈ સી પટેલની નિમણુંક બદલ સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે. શ્રી મનહરભાઈના શાળાના સમગ્ર અભ્યાસ દરમ્યાન અત્યંત નિયમિત અને વિનયી વિદ્યાર્થી તરીકેનાં અત્યંત મધુર સ્મરણો સાથે તેમની યશસ્વી કારકિર્દીની સંસ્થા તરફથી હાર્દિક શુભેચ્છાઓ.

ગુજરાત યુનિવર્સીટીના ઉપક્રમે લેવાતી રામાનુજન ગણિત સ્પર્ધામા મુનીર પરીખ અને મુંજાલ મહેતા પ્રાથમિક રાઉન્ડમાંથી પસંદગી પામી National Board for Higher Mathematics નાં ઉપક્રમે લેવાનાર Indian National Mathematical Olympiad માટે પસંદગી પામ્યા છે.

અમદાવાદ ચેસ એકડમીના ઉપક્રમે તાજેતરમાં યોજાયેલી આંતરશાળાકીય ચેસ સ્પર્ધામાં આપણી શાળાની ટીમે ૨૦ પોઈન્ટ મેળવી સ્પર્ધામાં પ્રથમ આવી ટ્રોફી પ્રાપ્ત કરી છે. બોપલની ટુલીપ સ્કુલ ખાતે આ સ્પર્ધા યોજાઈ હતી જેમાં ૨૪ ટીમોએ ભાગ લીધો હતો. વિજેતા ટીમમાં જીલેશ ગાંધી, હર્ષ અમીન, અમીત ચંદ, ચીરાગ ભટ્ટ અને વૈભવ પુરાણી રમ્યાં હતાં. ભાઈ જીલેશ ગાંધીને બોર્ડ પ્રાઈઝ અને નીરવ પારેખને બેસ્ટ કેપ્ટન સ્પીચ માટે પ્રાઈઝ મળ્યું હતું.

આ જ ટીમે તા.૨૦,૨૧ ડિસેમ્બરનાં રોજ વડોદરામાં પણ આતરસ્કુલ ચેસ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તેઓ ૩૪ સ્કુલમાંથી ચોથા નંબરે આવ્યા હતાં.

વડોદરા ડિસ્ટ્રીકટ ચેસ એસોસીએશન તરફથી યોજાયેલ ગુજરાત ચિલ્ડ્રન ચેસ ફેસ્ટીવલમાં ચિ.અનૂરી શાહ ૯ વર્ષના જૂથમાં પ્રથમ આવીને ચેમ્પીયન ટ્રોફી મેળવી છે. અને હવે નેશનલ લેવલ પર ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કરશે. અમદાવાદ ખાતે યોજાયેલ ઓપન ગુજરાત નેશનલ સિલેકશન ટુર્નામેન્ટમાં અંડર ૧૮ માં બોયઝ એન્ડ ગર્લ્સ મીકસમાંબેન અનૂરી તૃતીય આવી છે ને ગુજરાતની ટીમમાં પસંદગી પામેલ છે. કાલીકટ ખાતે યોજાનાર નેશનલ ટુર્નામેન્ટમાં તે રમશે.

ગાંધીનગર ખાતે યોજાયેલ નેશનલ ચેસ ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટમાં 4-9 Girls વિભાગમાં અનૂરી શાહ બીજા નંબરે આવ્યા છે. આગામી જૂન મહિનામાં પેરિસ ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ ચેસ ટુર્નામેન્ટમાં 4-9 Girls વિભાગમાં ભારત વતી રમવા માટે ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન તરફથી નોમીનેશન પામશે. તેમજ સપ્ટેમ્બર મહિનામાં યોજાનાર એશિયન ઝોનલ ચેસ ચેમ્પીયનશીપમાં ભારતનું નેતૃત્વ 4-9 Girls વિભાગમાં કરશે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક: **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.

EMAIL: shaarad@ad1.vsnl.net.in